**Series SKS**

**Code No. 10**

Candidates must write the Code on the title page of the answer-book.

Roll No. ☐☐☐☐☐☐☐

- Please check that this question paper contains **5** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **6** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minutes time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* | *કુલ અંક : 100*

*Time allowed : 3 hours* | *Maximum Marks : 100*

## SECTION A

### Advanced Reading Skills

1. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : *10*

ભારતના ગૃહમંત્રી બન્યા પછી એમનું સત્ય બોલવું સરકારને ક્યારેક મૂંઝવણમાં મૂકતું પણ તેમની નિખાલસતા વિરોધ પક્ષને વશ કરતી. ગૃહમંત્રી છતાં પોતાના સંસદ સભ્યો માટેના જૂના નિવાસેજ રહ્યા અને સાંસદો માટેની બસમાં આવ-જા કરતા રહ્યા.

P.T.O.



collegedunia.com India's largest Student Review Platform

તન તરકસ તન તીર, મન મરકટ, મન મીર, તનમન કો જો ફેંક દે, ઉસકા નામ ફકિર. એમ ફકિર છતાં અમીરોના ૫ અમીર લાગતા. પ્રજા અને દેશની પોતે કરેલી સેવા વિશે કશું બોલતા નહીં. જાતને ભૂંસી નાખવી એ મોટી સિદ્ધિ છે.

પ્રશ્નો –

(૧) ગૃહમંત્રીનું સત્ય બોલવું શું પરિણામ લાવી શકે ?

(૨) ગૃહમંત્રી સાવ અભિમાન વિનાના હતા તે શા ઉપરથી કહી શકાય ?

(૩) 'જાતને ભૂંસી નાખવી' એટલે શું?

(૪) 'મન મરકટ, મન મીર' નો અર્થ સમજાવો.

(૫) 'તનમન કી જો ફેંક દે' એને માટે પરિચ્છેદમાં કયો રૂઢિપ્રયોગ છે ?

## SECTION B

### Effective Writing Skills

2. (અ) નીચે આપેલા વિષયમાંથી કોઈ એક વિષય પર પર 250 શબ્દોમાં નિબંધ લખો : 10

(૧) વાંચે ગુજરાત

(૨) એક રમતવીરની આત્મકથા

(૩) આવ રે વરસાદ

(૪) ભ્રષ્ટાચારનો ભરડો

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો. 8

નદી કિનારે ગામ – નદીમાં મોટા મોટા પથ્થર – તેમાંના એક પર એક નાનકડી અજાણ છોકરી રોજ કપડાં ધુએ – એક વાર મહિના માટે મોસાળ ગઈ. એ દરમિયાન કૉન્ટ્રાક્ટર નદીના બધા પથ્થરો ટ્રકોમાં ભરી લઈ ગયો – છોકરીનું મોસાળેથી પાછું આવવું – દાદાને પૂછવું, નદી બદલાઈ ? પથ્થરો કયાં ? – 'પથ્થરોતો ઊડી ગયા' દાદાનો જવાબ – 'પારેવાં ઊડી શકે, પથ્થરો નહીં – છોકરીનો જવાબ.



collegedunia.com India's largest Student Review Platform

(ક) તમારાથી આઠ વરસ નાની બેનને ટીવી સિરિયલમાં કામ મળયા છતાં શા માટે તે ન સ્વીકારવું તે સમજાવતો પત્ર લખો. 8

**અથવા**

તમારી શાળાના પુસ્તકાલય માટે પુસ્તકો મંગાવતો ઓર્ડર પુસ્તકવિક્રેતાને લખો.

## SECTION C

### Applied Grammar

**3.** (અ) નીચે આપેલી પંક્તિઓના અલંકાર ઓળખાવો : 3

(૧) ગૂંથતું કોણ પૃથ્વીને સેંથે ઝાકળ-મોતીમાળ

(૨) પાને પાને પોઢી રાત

(૩) એકતારો મારો ગુંજશે મીઠું
દેખશે વિશ્વ રહ્યું જે અદીઠું.

(બ) નીચે આપેલી પંક્તિમાંના રૂઢિપ્રયોગોના અર્થ કહો : 3

(૧) ભરતી પછી ઓટ હોવી

(૨) ગતિ કાલની ચોક્કસ ન હોવી

(૩) ધૂન જગાવવી

(ક) સૂચના પ્રમાણે કોઈ પણ *ચાર* વાક્યોના કાળ બદલો : 4

(૧) ગઈકાલે તમારી સાથે કોણ આવ્યું હતું ? (ચાલુ ભૂતકાળ)

(૨) મા-બાપના પ્રેમને યાદ કરૂં છું. (સાદો ભવિષ્યકાળ)

(૩) ધૂળેટીએ લોકો રંગોથી રમે છે. (પૂર્ણ ભૂતકાળ).

(૪) બાળકો નાચતાં-કૂદતાં જતાં હતાં. (ચાલુ વર્તમાનકાળ)

(૫) તમે જશો ? (ચાલુ વર્તમાનકાળ)



collegedunia.com India's largest Student Review Platform

(ડ) કોઈ પણ *ચાર* વાક્યમાંની રેખાંકિત શબ્દોની વિભક્તિ ઓળખાવો : 4

(૧) ઝાડ પર પંખી છે.

(૨) રવીન્દ્રનાથે કવિતા લખી.

(૩) ચપ્પુથી શાક સમાર્યું.

(૪) નિરંજનને પેંડા ભાવે છે.

(૫) કુહાડીની ધાર તીણી હોય.

## SECTION D

### Literature

4. (અ) નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ *ચાર*નો સંદર્ભ સમજાવો. (૪ થી ૫ વાક્યોમાં) 8

(૧) માતાપિતા પ્રત્યે પ્રજાનો પક્ષપાત તો હોય જ, કેમકે તેઓ પ્રજાનું હિત જ ઈચ્છે.

(૨) એ લુચ્ચા લોકો એવા જ હોય.

(૩) પણ તારાઓની વાત જુદી છે, એમનાં તેજ ટમકે છે.

(૪) આવે કટોકટીને પ્રસંગે દેશપ્રત્યે મારું કર્તવ્ય શું હોઈ શકે ?

(૫) માણસને એક દિવસ જનાવરો ઉપર નભવાનો વારો આવશે.

(બ) નીચેનામાંથી કોઈ પણ *બે* પ્રશ્નોના દસ-પંદર વાક્યોમાં વિસ્તૃત ઉત્તર લખો. 12

(૧) 'ધનની અશક્તિ અને ત્યાગની શક્તિ' સમજાવતી વાર્તા તરીકે 'કાંચન અને ગેરુ' ની સમીક્ષા કરો.

(૨) 'નાપાસ' ગદ્યખંડમાં વપરાયેલા સુરતી બોલીના કોઈ પાંચ પ્રયોગોનું મહત્ત્વ સમજાવો.

(૩) 'દિવાળીમાં નોકર ગયો' માં માનવમન વિશેનું લેખકનું નિરીક્ષણ દર્શાવો.

(૪) સુહાસ દેસાઈના પાત્રની વિશેષતા વર્ણવો.



collegedunia.com India's largest Student Review Platform

(૩) તરુએ તરુએ ફળતી કોની આશા કેરી શાખ રસાળ ?

(૪) ખુલ્લાં ખાલીખમ ખેતર તે આજ ઝૂમતાં ડૂંડે.

(બ) નીચેનામાંથી કોઈ પણ બે પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો. 8

(૧) 'મને એ જ સમજાતું નથી' કવિતામાં રજૂ થયેલા સામાજિક અન્યાયને સમજાવો.

(૨) ઈશ્વર સર્વત્ર છે તે વાત 'કોણ' કવિતામાં કઈ રીતે રજૂ થઈ છે ?

(૩) બનાવટી ફૂલોના જીવનમાં રહેલી અધૂરપ વર્ણવો.

(૪) શમણું થાક્યું પાક્યું કેમ છે ? એને સૂવાનું ઠામ કોણ, શા માટે આપે છે ?

(ક) નીચેનામાંથી કોઇ પણ એક કાવ્યનું વિવેચનાત્મક વિવરણ કરો. 5

(૧) મેહુલો ગાજે ને માધવ નાચે

(૨) તડકો

(૩) તેં શું કર્યું ?

**6.** કોઇ પણ એક લેખકનો પરિચય આશરે 200 શબ્દોમાં કરાવો. 10

(૧) ગોવર્ધનરામ ત્રિપાઠી

(૨) સુંદરમ્

(૩) પન્નાલાલ પટેલ



collegedunia.com India's largest Student Review Platform